# ભલે, ભલે, ભલે

"આપનો મારા પર ઘણો ઉપકાર છે."

"એમ ના બોલો ભાઈ, ઉપકાર કરનાર હું કોણ? સર્વનો કર્તાહર્તા ઈશ્વર છે."

"એ તો છે જ, પણ ઈશ્વર કંઈ સદેહે નીચે ઊતરીને મારી છોકરીના દવાદારૂ માટેના રૂપિયા ના આપી જાત. એ તો આપ જેવા મહાન માણસની મારફત જ કરાવે છે."

"હું મહાન-બહાન નથી ભાઈ, એક પામર મનુષ્ય માત્ર છું. પ્રભુ શક્તિ અને મતિ આપે એટલું જ કહું છું. એમાં કંઈ નવાઈ નથી કરતો."

"પણ એ તો આપની નમ્રતા છે. બાકી આપ..."

"વધુ બોલીને મને પાપમાં ન પાડો ભાઈ, હજુ પણ હું આપના માટે કાંઈ કરી શકું તો આનંદ થશે."

ઈશ્વરના દરબારમાંથી પાછલા પગે ચાલીને પાછા ફરતા હોય એમ મનજી માસ્તરે કૃપાશંકર પુરોહિતની રજા લીધી.

એ ગયા એટલે કૃપાશંકરે ઈશ્વરની છબી તરફ જોઈને હાથ જોડ્યા.

ગદ્‌ગદ થઈને બોલ્યા, "હે પ્રભુ, મારા વહાલા, કોઈની પ્રશંસા જીરવવાની પણ શક્તિ દેજે, હું છકી ના જાઉં, કારણ કે આવું કોઈક બોલે છે ત્યારે હાથની રુવાંટી પર કીડી ફરતી હોય એવું લાગે છે. હલી જવાય છે. મને એવા હલી જવામાંથી તું હે મારા દીનાનાથ બચાવજે."

છબીમાંથી દીનાનાથ બોલ્યા, "ભલે."

■ ■ ■

"કૃપાશંકરભાઈ, આપના તો બસ, નામ પ્રમાણે જ ગુણ છે."

"શિવ શિવ, શિવભાઈ, મારાં વખાણ ના કરો. મારું જીવન ભગવાન શંકરની કૃપાનો પ્રસાદ છે. હર શ્વાસ શંકરની કૃપા છે. નીંદરમાંથી જાગું છું ત્યારેય શંકરદાદાનો પાડ માનું છું કે મને જીવતો જગાડ્યો એનો અનુગ્રહ છે."

"એ તો છે જ કીરપાભાઈ, પણ આપ ખુદ કૃપાળુ છો એમાં બેમત નથી. નહીંતર આવી થરથરતી ટાઢમાં ફૂટપાથ પર સૂતેલાઓને ધાબળા ઓઢાડવા કોઈ માઈનો લાલ નીકળે?"

"એવું નથી ભાઈ, હું તો ક્ષુલ્લક જીવડો માત્ર છું. જાતે કાંઈ કરતો નથી. મારો વહાલો સુઝાડે એમ કરું છું."

"ઈશ્વર તો કોઈને જમૈયો હુલાવવાનુંય સુઝાડે છે, એની ક્યાં વાત કરો છો? આ તો આત્મા આત્માના ફેરની વાત છે. તમને કેમ પુણ્યનાં કામ સુઝાડે છે?"

"એનો અનુગ્રહ, બીજું શું? બાકી આપણે સૂક્ષ્મ રીતે તો પગલે-પગલે પાંચ લાખ સુધીના જીવની હિંસાના કરનારા પાતકી. એમાં પાંચ-પચીસ ફૂટપાથિયાને ધાબળા ઓઢાડીને શી વશેકાઈ કરી?"

"તમારી એ ખાનદાની કે આમ બોલો છો, બાકી કોણ કરે છે આજ આવું?"

બોલનાર આવી રીતે અહોભાવી અહોભાવીને ચાલ્યો ગયો, પણ પાછળથી તરત કૃપાશંકર ભગવાન શંકરની છબી તરફ વળ્યા. નમન કર્યું. બોલ્યા, "પ્રભુ રુવાંટીમાં કીડી ગલગલિયાં કરે ને હલી જાઉં, એમ મારા મારગમાંથી ચળી જાઉં છું. મારા ભોળા શંભુ મને બચાવજે. મારો હાથ પકડજે."

પ્રભુ બોલ્યા, "ભલે."

■ ■ ■

"કૃપાશંકરભાઈ, તમે તો મને સંચોડો ખરીદી લીધો."

"કાં ભાઈ?"

"મારી બૈરીને કટોકટીની ઘડીમાં તમે તમારી ગાડી ડ્રાઇવર સાથે

કાઢી આપી અને દવાખાને પહોંચાડી. બે ઘડી મોડું થયું હોત તો શુંનું શું થઈ જાત એનો વિચાર કરતાં પણ મને અત્યારે કંપારી છૂટે છે. તમારા માટે મારી ચામડીના જોડા સીવડાવું તોય ઓછું છે. તમારા ઉપકારમાંથી હું કયા ભવે છૂટીશ!"

"કોઈ કોઈના ઉપકારમાં કદી હોતું જ નથી. ઉપકાર માનવો હોય તો આ ઉપરવાળાનો માનો. બાકી ઉપકાર કરનાર હું કોણ આ તો કહેલું છે ને કે શકટનો ભાર જ્યમ શ્વાન તાણે..."

"અરે હોય કંઈ? આપ તો સાક્ષાત્ સંત છો."

"હું કંઈ નથી ભાઈ, માણસ છું. માનવધર્મ બજાવવાનો પાંગળો પ્રયાસ કરું છું, એથી સ્વાર્થ એ સધાય છે કે આત્મા આનંદમાં રહે છે. જનસેવા એ જ પ્રભુસેવા. આ તમે જુઓ છો એ મોટર, બંગલો, ધન વગેરે કાંઈ જ મારાં નથી. હું તો કેવળ ટ્રસ્ટી છું. તમારે જરૂર હતી તે તમને વાપરવા આપ્યાં. એમાં કોઈ નવાઈ નથી કરી. માટે એ વાત તો ભૂલી જ જજો કે મેં તમારા માટે કાંઈ કર્યું છે."

"અરે, એમ તે કાંઈ ભૂલી જવાતું હશે? મને નુગરો સમજો છો?"

પીગળતાં-પીગળતાં બોલનાર પાણીનો રેલો જોઈને રહી ગયો. જોઈને કૃપાશંકરને દુઃખ થયું. ભગવાન કૃષ્ણની છબી પાસે જઈને સાષ્ટાંગ કર્યાં. "મારા વહાલા, અંતર્યામી, શરીર ઉપર ધ્યાનાવસ્થામાં પણ કીડી ફરફર કરતી હોય એવાં આ મારાં વખાણ મને ચળાવે છે. મને એમાંથી ઉગારજે."

કૃષ્ણ બોલ્યા, "ભલે."

■ ■ ■

"કેમ ભાઈ, નવી નોકરીમાં ફાવે છે ને?"

"ઠીક છે, કૃપાશંકરભાઈ, કરીએ છીએ."

"કેમ ભાઈ, એમ મોળું બોલે છે? અગાઉ મળતા હતા એના કરતાં તો આ નોકરીમાં તને પાંચસો-સાતસો વધારે છે. કંપનીના રસોડે સવારે બે રૂપિયામાં ફર્સ્ટ ક્લાસ જમવાનું મળે છે, તોય આમ કાં બોલે? તને આ નોકરી અપાવતાં મને કેટલી મહેનત પડેલી જાણે છે ને?"

"એ ઠીક, પણ કંપની કાંઈ નવાઈ નથી કરતી. તેલ પાઈને એરંડિયું કાઢે છે."

"એવું હોય તો આ કંપનીની નોકરી માટે ભલભલા લાઇન કાં લગાડે?"

"બેકાર હોય એ લગાડે, બાકી હું ક્યાં અડદના ખેતર વચ્ચે બેઠો હતો? આ તો મારા બાપાની બહુ ઇચ્છા હતી એટલે તમને કહેલું કૃપાશંકરકાકા..."

"તે મને કહ્યું તો થઈ પણ ગયું ને?"

"કૃપાશંકરકાકા, ખોટું ના લગાડતા, પણ સાચું કહું? તમારા કરતાંય દસ ગણી મોટી વગ ધરાવનાર મારા એક ફ્રૅન્ડને કંપની સાથે સાવ ઘરોબો છે, પણ મારે એને કહેવું નહોતું, કારણ કે મારા બાપા તમારા નામનું ગાણું ગાયે રાખતા હતા."

"તે બાપો ભલેને કહે! તારે કહેવું હતુંને તારા એ ફ્રૅન્ડને?"

"કહ્યું તો ખરું કે બાપા તમારા નામની મોંપાટ લેતા હતા."

"મને તું આમ બોલીશ એવી ખબર હોત તો મારો લાખ રૂપિયાનો સંબંધ તારી નોકરી માટે વટાવત નહીં."

"પણ તે એમાં કઈ મોટી ધાડ મારી? નોકરી તો મારી લાયકાત પર મળી છે ને! તમારી વગ લગાડી તે શું થઈ ગયું? ડબલ પગાર આપ્યો?"

"કેમ? મારી લાગવગે કાંઈ જ ના કર્યું?"

"મારા નસીબમાં ઈશ્વરે તમારી લાગવગ લગાડવાનું લખ્યું હશે, બસ?"

"એમાં વળી ઈશ્વર! હં હં...!"

"ત્યારે શું? સાચી વાત છે ને? નોકરી અપાવનાર તમે કોણ? હું તો ઈશ્વરમાં માનનારો છું. એની ઇચ્છા વગર પાંદડુંય હલતું નથી એમ તમે જ કહેતા હો છો. એની ઇચ્છા હતી તો મને નોકરી મળી."

"તારી જૂની નોકરીમાં સસ્પેન્ડ થયેલો ત્યારે ઈશ્વર કેમ આડે

નહોતો આવ્યો ને આ નોકરી ચોખ્ખી મારી વગથી મળી એમાં ઈશ્વરને વચ્ચે લાવે છે! તારી તો બુદ્ધિ ફરી ગઈ છે! નુગરો તે સાવ તેમાં!"

"ઈશ્વર તો સાડી સત્તર વાર. બાકી તમે કરનાર કોણ?"

કૃપાશંકરના મગજમાં જબરી ઝાંઝ ચડી ગઈ. "હું કરનાર કોણ?" એ ત્રાડ પાડીને બોલ્યા, "હું ઈશ્વરનો બાપ! હવે કે'વું છે કાંઈ?"

છોકરો પગ પછાડતો ચાલ્યો ગયો. કૃપાશંકર પુરોહિતની આંખોમાં અંગારા વરસી રહ્યા. મગજમાં ગરમ-ગરમ વંટોળિયો ફૂંકાયો. એ બારણા તરફ તાકી રહ્યા.

થોડી વારે ભગવાનના ગોખ તરફ વળ્યા. ગુસ્સાથી બિડાઈ ગયેલા હોઠ એમણે પરસ્પર ખોલ્યા, બોલ્યા, "હે ભગવાન, હે દીનદયાળ, હે ત્રણ લોકના સ્વામી, સાંભળ, ધ્યાનાવસ્થા દરમિયાન રુવાંટીમાં કીડી સળવળતી હોય એ તો હજુય સહન થશે. બાકી કાળી કીડી આમ આ રીતે તીખો ચટકો ભરશે એ તો સહન નહીં જ થાય હોં! હું માણસ છું, તારી જેમ ભગવાન નથી."

ત્યારે પણ છબી માંયલા ભગવાન બોલ્યા, "ભલે."